" ગુજરાત લઘુમતી બોર્ડને " ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમમાં ફેરવવા બાબત.

ગુજરાત લઘુમતી બોર્ડ
ક્રમાંક ૬૩૩
તારીખ ૨૫/૬/૯૯

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક-લઘસ/૧૦૮૯/૬૪૮/અ-૧,
સચિવાલય, ગાંધીનગર।
તારીખ:- ૨૪/૬/૧૯૯૯

**વંચાણે લીધા :-**

(૧) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૪-૧૧-૭૯ ના ઠરાવ ક્રમાંક-એમએનસી/૧૦૭૯/૩-૩૧/લઉસ.

(૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક-એલજીપી/૧૦૯૪/સી.એમ.-૫૧/લ.તા. ૨૧/૭/૯૫.

(૩)સમાજ કલ્યાણ વિભાગનો તા. ૭/૧૦/૯૭નો ઠરાવ ક્રમાંક-લઘસ/ ૧૦૮૯/૬૪૮ (પાર્ટફાઈલ)/લ.

(૪))સમાજ કલ્યાણ વિભાગનો તા. ૯/૬/૯૮નો ઠરાવ ક્રમાંક-લઘસ/ ૧૦૯૭/૮૨૨/લ.

**ઠરાવ :-**

રાજયમાં લઘુમતીઓના પ્રશ્નોનુ નિરાકરણ કરવા તથા તેમના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ કરવા માટે આમુખ (૧) માં ઠરાવથી ગુજરાત લઘુમતી બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એકટ-૧૯૫૦ તથા મંડળીઓની નોંધણી અધિનિયમ-૧૮૬૦ હેઠળ નોંધણી કરવામાં આવેલી છે. આ બોર્ડ ધ્વારા લઘુમતીઓ માટે ગરીબલક્ષી અને તાલીમલક્ષી વિવિધ યોજનાઓનો અમલકરવામાં આવે છે. વધુમાં ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓના ઉત્થાન માટે રાજય સરકાર ધ્વારા કલ્યાણકારી અને આર્થિક યોજનાઓનો અમલ નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર મારફતે અલગ રીતે કરવામાં આવો છે. તેજ રીતે ભારત સરકારના નેશનલ માયનોરીટીઝ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન નવી દિલ્હી તરફથી મળનાર લોન ગુજરાતી લઘુમતી કોમોના આર્થિક ઉત્કર્ષ માટે વપરાય છે. તે સારુ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર ચેનાલાઈઝીંગ એજન્સી તરીકે કાર્ય કરે છે. પરંતુ ગુજરાત લઘુમતી બોર્ડને અન્ય કેટલાક રાજયોની જેમ અલગ રીતે નિગમમાં ફેરવવામાં આવે તો ભારત સરકારના નેશનલ માયનોરીટીઝ ડેવલપમેન્ટ એન્ડ ફાયનાન્સ કોર્પોરેશનની સીધી એજન્સી તરીકે લઘુમતીઓના પછાત વર્ગની સ્થિતિ સુધારવા માટે અગત્યનુ પુરવાર થઈ શકે.

૨. આ હેતુથી રાજયમાં લઘુમતીઓ માટે અલગ નિગમની રચના કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. વિચારણાને અંતે રાજય સરકાર નીચે મુજબ હાલના લઘુમતી બોર્ડને "ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગર" નામે નિગમમાં ફેરવવાનું ઠરાવે છે.

Scanned with CamScanner

૩. લઘુમતીઓના આર્થિક,સામાજીક અને શૈક્ષણિક વિકાસ માટે રાજ્યમાં"ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ.ગાંધીનગર" ના મેમોરેન્ડમ ઓફ એસોસીયેશન અને આર્ટીકલ્સ ઓફ એસોસીયેશનની વિધિવત નોંધણી ભારતીય કંપની અધિનિયમ,૧૯૫૬ હેઠળ કરવાની રહેશે.

૪. નિગમનું કાર્યવાહક મંડળ નીચે મુજબનું થશે.

<u>(અ)નિગમમાં ૮ બીન સરકારી સભ્યોની નિમણુંક નીચે મુજબ થશે</u> :

(૧) ચેરમેનશ્રી

(૨) ડેપ્યુટી ચેરમેન

(૩) અન્ય ૭ બિનસરકારી સભ્યો :

ચેરમેન તથા ડેપ્યુટી ચેરમેન સહિતના સરકાર નિયુકત આ આઠ બીન સરકારી સભ્યો પૈકી પાંચ સભ્યો મુસ્લીમ,૧ સભ્ય ખ્રીસ્તી,૧ સભ્ય ભાષાકીય લઘુમતીઓ(ઉર્દુ,સિંધી, મરાઠી, પૈકી ) માંથી,૧ સભ્ય ધાર્મિક લઘુમતી(શીખ, બૌદ્ધ, પારસી, પૈકી) માંથી નિયુકત કરવાના થશે. પરંતુ આ આઠ પૈકી કોઈપણ બે સભ્યો મહિલાઓ રહેશે.

<u>(બ) નિગમમાં નીચે મુજબ સાત સરકારી સભ્યો રહેશે</u> :

(૧) નાયબ સચિવશ્રી(વિકસતિ જાતિ)
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

(૨) નાણાં સલાહકારશ્રી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

(૩) નિયામકશ્રી,વિકસતિ જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજય,ગાંધીનગર.

(૪) નિયામકશ્રી,રોજગાર અને તાલીમ,ગુજરાત રાજય,ગાંધીનગર.

(૫) કમિશ્નરશ્રી,કુટીર ઉદ્યોગ,અથવા તેમના ધ્વારા નિયુકત કરેલ અધિકારી(વર્ગ-૧)

(૬) કમિશ્નરશ્રી,ઉચ્ચ શિક્ષણ,અથવા તેમના ધ્વારા નિયુકત કરેલ અધિકારી(વર્ગ-૧)

(૭) મેનેજીંગ ડીરેકટર

૫. ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ.,ગાંધીનગર માટે અધિકૃત શેરભંડોળ રૂ.૧૦ કરોડનું રહેશે. ચાલુ અંદાજપત્રમાં આ નિગમ માટે કોઈ જોગવાઈ થયેલી ન હોવાથી રૂ.૫૦ લાખ અધિકૃત કરવામાં આવશે, જે પુરક માંગણી દ્વારા મંજુર કરાવી સરભર કરી લેવાનો થશે.

૬. નિગમના આર્ટીકલ્સ તથા મેમોરેન્ડમ ઓફ એસોસીયેશનમાં ગુજરાત લઘુમતિ બોર્ડના ઉદેશ્યોનો મહદ્અંશે સમાવેશ કરી લેવાનો રહેશે.

૭. આ નિગમને હાલના લઘુમતિ બોર્ડ હસ્તકની તમામ યોજનાઓ સહિતની કામગીરી વિધિવત તબદીલ કરવાની રહેશે.સ્વતંત્ર નિગમની રચના થવાથી"રાષ્ટ્રીય અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ,નવી દિલ્હીનું સીધુ ધીરાણ મેળવી,તે યોજનાનો અમલ કરવાની કામગીરી પણ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમે આ નિગમને સોંપવાની રહેશે.

૮. આ સમગ્ર પ્રક્રિયા પુર્ણ થાય અને નિગમ સ્વતંત્રપણે કાર્યરત થાય ત્યાં સુધી લઘુમતી બોર્ડની હાલની કામગીરી ચાલુ રહેશે. નિગમને કાર્યરત કરવા,કન્સલટન્ટ તરીકે નિષ્ણાંત પાર્ટટાઈમ કંપની સેક્રેટરીની અને ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણુંક કરવાની થશે.

૯ આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૩/૬/૯૯ની મળેલી સહમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આદમ વોરા)
નાયબસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર(પત્ર દવારા)
મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ(કે.યુ.શાખા),સચિવાલય,ગાંધીનગર.
નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સર્વે જીલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ(વિકસતિ જાતિ)
સમાજકલ્યાણની બધી શાખાઓ,
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
તિજોરી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટર,ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર.
નિયામકશ્રી,વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ,ગાંધીનગર.
સચિવશ્રી,ગુજરાત લઘુમતી બોર્ડ,ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.

Scanned with CamScanner